**Capital World Pg 5, 18th Feb 2022**

# ક્રિપ્ટો કરન્સીમાં નિયમનની વાતો જોર પકડતા બિટકોઈનમાં વધુ ઘટાડો

**કેપિટલ સંવાદદાતા તા.૧૭**

ક્રીપ્ટોકરન્સી પર નિયમન લાવવાની વાતો હવે જોર પકડી રહી હોવાથી માર્કેટમાં હાલ થોડું ઢીલું વાતાવરણ ચાલી રહ્યું છે. આવામાં શુક્રવારે બિટકોઈન ૪૩,૦૦૦ ડોલરની નીચે ટ્રેડ થયો હતો.

નાણાકીય ક્ષેત્રના એક કરતાં વધુ વૈશ્વિક નિયમનકારોએ આ ડિજિટલ એસેટને લીધે વિશ્વની નાણાકીય સ્થિરતા સામે જોખમ ઊભું થવાની આશંકા વ્યક્ત કરી છે. તાજેતરમાં જી-૨૦ સમૂહના દેશોની જોખમ સંબંધે દેખરેખ રાખનારી સંસ્થા ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી બોર્ડના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં અઢી ટકાનો ઘટાડો

આ જોખમો અચાનક વધી જવાની શક્યતા હોવાથી નિયમનકારોએ તેને કાબૂમાં રાખવા માટેનાં પગલાં લેવાં આવશ્યક છે. એની પહેલાં ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસ પણ અનેક વખત આવી ચેતવણી ઉચ્ચારી ચૂક્યા છે.

દરમિયાન, કોલોરાડોએ કરવેરાની ચૂકવણી માટે ક્રીપ્ટોનો સ્વીકાર કરવાની જાહેરાત કરી છે. એ જ રીતે હોલીવૂડના સ્ટાર રયાન રેનોલ્ડ્સે ક્રીપ્ટોકરન્સીનું ભાવિ તેજીમય હોવાની આશા વ્યક્ત કરી છે.

સૌથી વધુ પ્રચલિત ક્રીપ્ટોકરન્સી બિટકોઈનનો ભાવ ગુરુવાર સાંજ સુધીના ચોવીસ કલાકના ગાળામાં લગભગ ત્રણ ટકા ઘટીને ૪૨,૧૩૩ ડોલરની આસપાસ થયો હતો. ઈથેરિયમમાં બે ટકાના ઘટાડા સાથે ભાવ ત્રણ હજાર ડોલરની અંદર ઉતરી ગયા હતાં.

ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ ગુરુવારે સાંજે ૮ વાગ્યે ૧૭૩૬ પોઈન્ટ ઘટીને ૬૧૪૭૧ની સપાટી પર ટ્રેડમાં હતો.